# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી સેશેલ્સની મુલાકાતે - સેશેલ્સના રાષ્ટ્રીય દિવસના સુવર્ણ જયંતિ સમારોહમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

2) કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહ આજે ગુજરાતનાં ગાંધીનગર ખાતેથી ભારતની પ્રથમ સહકારી આધારિત ટેક્સી સેવા, ભારત ટેક્સીનો શુભારંભ કરશે.

3) વેનેઝુએલામાં ભૂકંપમાં મૃત્યુઆંક વધીને 920 થયો - ભારતે ઓપરેશન એમિસ્ટાડ હેઠળ 35 ટન રાહત સામગ્રી મોકલી.

4) અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયોએ ઇઝરાયલ-લેબનોન વચ્ચે શાંતિ કરારની રૂપરેખા જાહેર કરી.

5) ભારતે પુરુષોની FIH પ્રો લીગ હોકી સ્પર્ધામાં પાકિસ્તાનને 7-1થી હરાવ્યું.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM SEYCHELLES VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી સેશેલ્સની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે જશે. પ્રધાનમંત્રી આજે સેશેલ્સના રાષ્ટ્રીય દિવસના સુવર્ણ જયંતિ સમારોહમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, ભારતીય નૌકાદળના બે જહાજો સાથે ભારતીય સંરક્ષણ દળોની ટુકડી ઉજવણીમાં ભાગ લેશે.

મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી સેશેલ્સના રાષ્ટ્રપ્રમુખ ડૉ. પેટ્રિક હર્મિની સાથે વાતચીત કરશે અને દ્વિપક્ષીય સહયોગની સમીક્ષા કરશે. બંને નેતાઓ પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે.

સાંભળીએ એક અહેવાલ......

VC- AKSHIT-PM-VISIT

# AMIT SHAH – GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે ગુજરાતના ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે ભારતની પ્રથમ સહકારી આધારિત ટેક્સી સેવા, ભારત ટેક્સીનો શુભારંભ કરશે.

સાંભળીએ એક અહેવાલ........

VC- APARNA KHUNT

ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવેલા શ્રી શાહ અનેક મુખ્ય પહેલોનો શુભારંભ કરશે અને સમીક્ષા બેઠકોની અધ્યક્ષતા કરશે.

# GOYAL-LONDON

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું કે, ભારત-બ્રિટેન વ્યાપક આર્થિક અને વેપાર કરાર સાથે બંને દેશો વચ્ચેના સંબંધો એક નિર્ણાયક તબક્કા તરફ આગળ વધી રહ્યા છે. ગઈકાલે લંડનમાં વેપાર ક્ષેત્રના પૂર્ણ સત્રને સંબોધન કરતાં આ મુજબ જણાવ્યુ.

## BYTE - PIYUSH-GOYAL

# HYDROGEN FACILITY-NUCLEAR

અણુ ઊર્જા વિભાગના સચિવ અજિત કુમાર મોહંતીએ કલ્પક્કમ સ્થિત ઇન્દિરા ગાંધી સેન્ટર ફોર એટોમિક રિસર્ચ ખાતે કોપર-ક્લોરિન થર્મોકેમિકલ ચક્ર પર આધારિત વિશ્વની પ્રથમ હાઇડ્રોજન ઉત્પાદન સુવિધાનું ઉદ્ઘાટન કર્યું. જેમાં ફાસ્ટ બ્રીડર ટેસ્ટ રિએક્ટરમાંથી ઉત્પન્ન થતી પરમાણુ ઉર્જાનો ઉપયોગ કરીને હાઇડ્રોજનનું ઉત્પાદન કરશે.

આ પ્રસંગે સભાને સંબોધતા, ડૉ. મોહંતીએ જણાવ્યું કે, હાઇડ્રોજન ઉત્પાદન જેવી ઉભરતી સ્વચ્છ ઊર્જા ટેક્નોલૉજી સાથે પરમાણુ ઊર્જાનું સંકલન ટકાઉ ઊર્જા

ભવિષ્ય તરફ એક વ્યૂહાત્મક માર્ગ રજૂ કરે છે. તેમણે કહ્યું, આ સિદ્ધિ અદ્યતન પરમાણુ ટેક્નોલોજી અને સ્વચ્છ ઊર્જા પ્રણાલીઓમાં ભારતની વધતી જતી ક્ષમતાઓનો પુરાવો છે.

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની 135મી કડી હશે. આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શન, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝોનએર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. AIR ન્યૂઝ, DD ન્યૂઝ, PMO અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. હિન્દી પ્રસારણ પછી તરત જ આકાશવાણી આ કાર્યક્રમને પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારિત કરશે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# VENEZUELA - EARTHQUAKE

વેનેઝુએલામાં આવેલા બે શક્તિશાળી ભૂકંપમાં મૃત્યુઆંક વધીને 920 થયો છે. જ્યારે, ત્રણ હજાર 300 થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે. કારાકાસ અને નજીકના દરિયાકાંઠાના શહેર લા ગુએરામાં, ધરાશાયી થયેલી ઇમારતોના કાટમાળ નીચે હજુ લોકો દબાયેલા છે. રાહત અને બચાવ કામગીરી સતત ચાલી રહી છે.

વિનાશક ભૂકંપના પ્રતિભાવમાં ભારતે ઓપરેશન એમિસ્ટાડ શરૂ કર્યું છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, 35 ટનથી વધુનો રાહત પુરવઠો, સેનાનું ફિલ્ડ હોસ્પિટલ યુનિટ અને 41 સભ્યોની બચાવ ટીમ સાથે ભારતીય વાયુસેનાના બે C-17 ગ્લોબમાસ્ટર વિમાન ગઈકાલે વેનેઝુએલા માટે રવાના થયા હતા.

મંત્રાલયે જણાવ્યું કે, ભારત આ મુશ્કેલ સમયમાં સરકાર અને વેનેઝુએલાના લોકો સાથે ખભેખભા મિલાવીને ઉભું છે. આ સહાય માટે કાર્યકારી રાષ્ટ્રપ્રમુખ ડેલ્સી રોડ્રિગ્ઝે ભારતનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ISRAEL--LEBANON-AGREENENT

અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયોએ ઇઝરાયલ અને લેબનોન વચ્ચે શાંતિ કરારની રૂપરેખા જાહેર કરી, જેનો હેતુ કાયમી શાંતિ અને સુરક્ષા પ્રાપ્ત કરવાનો છે. પ્રસ્તાવિત કરારમાં યુદ્ધવિરામ, હિઝબુલ્લાહ દ્વારા તમામ હુમલાઓ અટકાવવા અને દક્ષિણ લેબનોનમાંથી પાછા ખેંચવાની શરતનો સમાવેશ થાય છે.

માળખાની જાહેરાત કરતા, રુબિયોએ કરારને સ્થિરતા પુનઃસ્થાપિત કરવા તરફ "પ્રથમ પગલા" તરીકે વર્ણવ્યું હતું.

## REV.-US-STRIKE-IRAN

હોર્મુઝ સામુદ્રધુનીમાં એક કાર્ગો જહાજ પર ડ્રોન હુમલાના જવાબમાં ગઈકાલે અમેરિકાએ ઈરાન પર નવા હુમલા શરૂ કર્યા. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યુ કે, મિસાઈલ અને ડ્રોન હુમલાઓ ઈરાનને નિશાન બનાવીને કરવામાં આવ્યા હતા, જેમાં તેના દરિયાકાંઠાના રડાર સ્થાપનોને નિશાન બનાવાયા હતા. અગાઉ, રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઇટ હાઉસમાં જણાવ્યું કે, યુદ્ધવિરામ કરારના ઉલ્લંઘનના ગંભીર પરિણામો ભોગવવા પડશે.

દરમિયાન, ઈરાની લશ્કરી પ્રવક્તા ઈબ્રાહિમ અલ-ફિકારે જણાવ્યું કે, આ વખતે અમેરિકાના હુમલાનો ઈરાનનો જવાબ ઝડપી અને નિર્ણાયક હશે.

## J&K LAUNCHES HAWK EYE

જમ્મુ અને કાશ્મીર પોલીસે "પ્રોજેક્ટ હોક આઈ" શરૂ કર્યો છે, જે અમરનાથ યાત્રાના માર્ગ રૂટ પર 24 કલાક દેખરેખ રાખવા ટેકનોલોજી આધારિત પહેલ છે. સુરક્ષા એજન્સીઓએ 3 જુલાઈથી શરૂ થતી વાર્ષિક યાત્રા માટે તૈયારીઓ વેગવાન બનાવી છે.

અનંતનાગ પોલીસે યાત્રા રૂટ પર હવાઈ દેખરેખ માટે પાંચ ડ્રોન યુનિટ તૈનાત કર્યા છે. યાત્રાળુઓ માટે સલામત વાતાવરણ અને વાર્ષિક યાત્રા સરળ રીતે

પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા માટે સુરક્ષા વ્યવસ્થાની સતત સમીક્ષા કરવામાં આવી રહી હતી.

દરમિયાન જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા દળોએ 3 જુલાઈથી શરૂ થતી અમરનાથયાત્રા પહેલા જમ્મુ જિલ્લામાં વ્યાપક સુરક્ષા અને તપાસ અભિયાન હાથ ધર્યું. પોલીસ, CISF અને BSFએ સાથે મળીને, સરહદ દેખરેખને મજબૂત બનાવવા અને અસામાજિક પ્રવૃત્તિઓને રોકવા રથાના અને સાલેહર સહિતના વિસ્તારોમાં પેટ્રોલિંગ કર્યું હતું.

# FIH

ભારતે લંડનના લી વેલી હોકી અને ટેનિસ સેન્ટર ખાતે પુરુષોની FIH પ્રો લીગ હોકી સ્પર્ધામાં પાકિસ્તાનને 7-1થી હરાવ્યું.

પાકિસ્તાનના ખેલાડી અબુ બકરના એક ગોલ બાદ ભારતે સતત સાત ગોલ કરી શાનદાર પ્રદર્શન કર્યું. બીજા ક્વાર્ટરમાં સુખજીત સિંહ અને હરમનપ્રીત સિંહે ગોલ કર્યા, જ્યારે ત્રીજા ક્વાર્ટરમાં ભારતે વધુ ચાર ગોલ કર્યા. અંતે ચોથા ક્વાર્ટરમાં દિલપ્રીત સિંહના ગોલ સાથે ભારતે વિજય મેળવ્યો. ભારત આવતીકાલે આગામી મેચમાં ઇંગ્લેન્ડ સામે ટકરાશે.

# SOP- THREATENED SPECIES

રાષ્ટ્રીય જૈવવિવિધતા સત્તામંડળ - NBA એ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા જોખમમાં મુકાયેલી પ્રજાતિઓની વૈજ્ઞાનિક ઓળખ માટે એક માનક સંચાલન પ્રક્રિયા - SOP બહાર પાડી છે. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે

એક નિવેદનમાં જણાવ્યું કે, SOP નો ઉદ્દેશ્ય જોખમમાં મુકાયેલી પ્રજાતિઓની ઓળખ, મૂલ્યાંકન અને સૂચના માટે એક સમાન, પારદર્શક અને વૈજ્ઞાનિક રીતે મજબૂત પ્રક્રિયાને સરળ બનાવવાનો છે.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકીતા શાહ

- આજના મોટાભાગના અખબારોમાં રામ મંદિર ટ્રસ્ટના મહાસચિવનુ રાજીનામુ, વેનેઝુએલામાં આવેલા ભૂકંપથી થયેલ નુકસાનના સમાચાર વાંચવા મળી રહ્યા છે..
- સંદેશ અખબારની હેડલાઈન છે રામ મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપતરાયનું અંતે રાજીનામું..
- ગુજરાત સમાચાર પ્રથમ પાંને લખે છે વેનેઝુએલાને 9.5 લાખ કરોડ ડોલરના નુકસાનની આશંકા....
- દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે ચંપત, મિશ્રનું રાજીનામું- 8ની ધરપકડ, 79.85 લાખ રૂપિયા જપ્ત....યુરોપના **12** દેશોમાં ગરમીથી હાહાકાર, **230**થી વધુના મોત, નેધરલેન્ડસમાં પહેલીવાર હીટ એલર્ટની જાહેરાત...
- સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો આજે અમિત શાહ ભારત ટેક્સી સેવા અને કાલે પીએમ ફેમિલી કેર ટ્રેકર લોન્ચ કરશે...એસજી હાઈવે પર રોકેટ ગતિએ દોડતી 4 કાર વચ્ચે અકસ્માત, 4ને ઈજા...ગુજરાતમાં આગામી 7 દિવસ અતિભારે વરસાદની શક્યતા નહીવત.... અમદાવાદમાંથી એટીએસએ 8 કરોડનો ટ્રામાડોલ ડ્રગ્સનો જથ્થો પકડ્યો...........